વરસાદ વરસતા શાકભાજીના ભાવમાં વધારો

(તસવીર : નિકેશ બારોટ)

ગાંધીનગર, તા. ૧૬

વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણે હવામાન પલટાતા શહેરમાં વરસાદ વરસ્યો હતો. અચાનક વરસાદ વરસતા ખેતીના પાકને તેમજ શાકભાજીને નુકશાન થતા શહેરમાં શાકભાજીના ભાવમાં ૫ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. શાકમાર્કેટમાં શાકભાજી લેવા ગયેલા શહેરીજનો આ ભાવવધારાથી અકળાઈ ઉઠ્યા હતા.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં અચાનક વરસાદ વરસતા ખેડૂતોને ખેતીના પાકમાં અને શાકભાજીમાં નુકશાન થયું હતું. આથી શાકમાર્કેટમાં શાકભાજીની આવકમાં ઘટાડો જોવા મળ્યો હતો. શાકભાજીના પહેલાના ભાવ કરતા ૫ રૂપિયા જેટલો દરેક શાકભાજીમાં વધારો ઝીંકાયો હતો. જેમાં રીંગણ-૧૫ કિ., મરચા-૩૦ કિ., ગાઝર-૧૫, ટામેટા-૨૦, સુરતીપાપડી-૪૦, વટાણા-૩૦, તુવેર-૪૦, દૂધી-૧૫ સહિતની શાકભાજીમાં આવક ઘટતા આ વધારો ઝીંકાયો હોવાનું શાકમાર્કેટના વેપારીઓએ જણાવ્યું હતું. જ્યારે શાકમાર્કેટમાં કોબીજ અને ફૂલાવરની આવકમાં વધારો જોવા મળ્યો હતો. આથી ફુલાવર અને કોબીજના ભાવ ગગડીને ૫ રૂ. કિલોનો થયો હતો. શાકમાર્કેટમાં શાક ખરીદવા શહેરીજનો ગયા ત્યારે અચાનક ભાવ વધારો થયેલો જોતા અચંબામાં પડી ગયા હતા. વધુમાં શાકમાર્કેટના અમુક વેપારીઓ વરસાદના બહાને શહેરીજનોને ખુલ્લેઆમ છેતરી રહ્યા હોય તેવા પણ દૃશ્ય સર્જાયા હતા.

વલાદ ગામમાં ચામુંડા માતાનાં મંદિરમાં તસ્કર ટોળકી ત્રાટકી

તાળા તોડીને ૫૦ હજારના આભુષણો તથા દાનની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીકનાં વલાદ ગામમાં સ્થિત ચામુંડા માતાજીના મંદિરને ગત રાત્રિએ તસ્કરોએ નિશાન બનાવી માતાજીને ચઢાવેલા ચાંદીના આભુષણો તથા રોકડ દાનની ચોરી કરી તે ટોળકી ફરાર થઈ ગઈ હતી. જો કે આ બનાવ અંગે પોલીસ મથકમાં ફરિયાદ કરવાનું મંદિર સંચાલકોએ ટાળ્યું હતું. આ ઘરફોડ ચોરીમાં તસ્કરો આશરે ૫૦ હજારની મત્તા ચોરીને રફ્ફુચક્કર થઈ ગયા હતાં.

તસ્કર ટોળકીઓને હવે મંદિરો-દેવાલય તથા દેરાસરોને ટાર્ગેટ બનાવી તેમાં આવેલા દાનનાં રૂપિયા ઉપરાંત આભુષણોની ઉઠાંતરી કરવાની જાણે ખુબ જ ફાવટ આવી ગઈ હોય તેમ કોઈ મકાનનું તાળુ તોડવા કરતાં મંદિરને નિશાન વધુ બનાવવા લાગ્યા છે. ગત રાત્રિએ વધુ એક મંદિર આવી ટોળકીના નિશાને આવ્યું હતું. ગાંધીનગર નજીકના વલાદ ગામમાં સ્થિત ચામુંડા માતાજીના મંદિરમાં ગત રાત્રિએ તસ્કરો ત્રાટકયા હતાં અને મંદિરના ગેટના તાળા તોડી તેમાંથી આભુષણો અને દાનની ઉઠાંતરી કરી અંદાજે ૫૦ હજારની મત્તાચોરી કરી પલાયન થઈ ગયા હતાં. જો કે ગ્રામજનો તથા મંદિર સંચાલકોએ આ સંબંધે પોલીસ ફરિયાદ કરવાનું કોઈ કારણોસર ટાળ્યું હતું.

મહાત્મા મંદિરને અડીને આવેલા સે. ૧ ૩ના છાપરામાંથી દારૂ મળ્યો

દારૂ-બિયરની ૨૫ બોટલ કબ્જે : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ સ્થિત છાપરા વિસ્તારના એક છાપરામાંથી એલ.સી.બી. પોલીસે દરોડો પાડી દારૂ-બિયરની ૨૫ બોટલો મળી કુલ રૂ. ૪,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના મહાત્મા મંદિરથી અડધો કિલોમીટરના અંતરે આવેલા સેક્ટર-૧૩ સ્થિત છાપરા વિસ્તારના એક છાપરામાં દારૂનો જથ્થો મુકવામાં આવી રહ્યો છે. તેવી બાતમી એલ.સી.બી.ના પી.એસ.આઈ. વાય.જે. રાઠોડને મળતા પી.એસ.આઈ. ઉત્સવ બારોટ, જયરાજસિંહ અને વિક્રમસિંહ સહિતના સ્ટાફના માણસોએ બાતમીવાળા છાપરામાં રેડ કરી હતી. છાપરામાંથી દારૂ-બિયરની મળી કુલ ૨૫ બોટલો સહિત રૂ. ૪,૬૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યોર રણજીત રામાભાઈ ઠાકોર નામનો બુટલેગર પોલીસને જોતા ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં ગાંધીનગર જનરલ હોસ્પિટલ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જનરલ હોસ્પિટલના સહયોગથી અને સિવિલ સર્જન ડૉ. ભરત બી. પટેલના માર્ગદર્શન હેઠળ ગત તારીખ ૧૦ ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર દહેગામ ખાતે જિલ્લા એન.સી.ડી.સેલ તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર દહેગામ દ્વારા વિના મૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગાંધીનગર હોસ્પિટલના નામાંકિત નિષ્ણાંતોએ સેવાઓ આપી હતી. આ કેમ્પમાં આશરે ૧૦૦૦ દર્દીઓએ ભાગ લીધો હતો. જેમાં વિનામૂલ્યે દવાઓ તેમજ કેન્સર ડાયાબિટીશ અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવેલી હતી. સાથોસાથ વયોવૃદ્ધ લોકોને અલગ લાઈન તેમજ સ્ટીક અને વોકરનું વિતરણ કરવામાં આવ્યું હતું. હવે પછીના સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન છાલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઉપર તારીખ ૩ માર્ચના રોજ યોજાશે.

અનુસૂચિત જાતિ એકતા મંચની આજે મીટીંગ

ગાંધીનગર, તા. ૧૬

અનુસૂચિત જાતિ એકતા મંચ ગાંધીનગરની મિટીંગ તા. ૧૭મી ફેબ્રુઆરીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલમાં મળશે. સંત રોહિદાસ જન્મજયંતિ અને વીરમાયા સ્મૃતિદિન ઉજવવા માટે ચર્ચા કરાશે. અનુસૂચિત જાતિ એકતા મંચના કન્વીનર નારણભાઈ વાઘેલાએ જણાવ્યું છે.

સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ગામના પાટીયા નજીક આવેલી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિક એન્યુએલ પ્રોગ્રામ ગાંધીનગરના ટાઉનહોલમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા અવનવી વેશભૂષા ધારણ કરી પ્રોગ્રામ રજુ કરવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામ વાલીઓએ નિહાળી ખુબ જ હર્ષની લાગણી વ્યકત કરી હતી.

બોગસ ભરતી કૌભાંડનો પ્લાન અમદાવાદના શખ્સે આપ્યો હતો

કૌભાંડી સુનીલ પટેલનો બેંક ટ્રાન્જેકશન રીપોર્ટ ૩૨૦૦ પાનાનો નિકળ્યો

ગાંધીનગર, તા.૧૬

સર્વ સાક્ષરતા અભિયાનના નામે વિજાપુરનાં શખ્સનાં બોગસ ભરતી કૌભાડમાં પોલીસે રિમાન્ડના બીજા દિવસે કરેલી પુછપરછમાં તે શખ્સે આ પ્લાન અમદાવાદનાં કોઈ રંજન અબ્બાસ નામની વ્યકિત પાસેથી મેળવ્યો હોવાનું નિવેદન આપી રહ્યો છે. તે ઉપરાંત બેંક ખાતામાં થયેલા તેના ટ્રાન્જેકશનનો રીપોર્ટ પોલીસે બેંક પાસેથી મંગાવ્યો છે. આ ટ્રાન્જેકશન રીપોર્ટ જ ૩૨૦૦ પાનાંનો હોવાનું બેંક દ્વારા પોલીસને જણાવવામાં આવ્યું છે.

આયોજનબધ્ધ રીતે બોગસ ભરતી પ્રક્રિયા શરુ કરી એક કરોડનું કૌભાંડ આચરનાર વિજાપુરનો સુનીલ જયંતિલાલ પટેલ પોલીસના સકંજામાં આવી જતાં વધુ કરોડો રૂપિયાનું કુલેકુ ફેરવવાનો તેનો પ્લાન નાકામીયાબ થયો છે. રિમાન્ડ દરમિયાન સે-૭ પોલીસે શરુ કરેલી પુછપરછમાં સુનીલ પટેલ કેફીયત આપી રહ્યો છે કે તે ડેટા એન્ટ્રીનું કામ અમદાવાદના રંજન અબ્બાસ નામના કોઈ શખ્સને આપતો હતો તે દરમિયાન રંજન અબ્બાસે તેને આ બોગસ ભરતી કૌભાંડનો પ્લાન આપ્યો હતો. જો કે આ નિવેદન કેટલી હદે સાચું છે તે તો તપાસનો વિષય છે તપાસ દરમિયાન પોલીસે માણસામાં કૌભાંડી સુનીલે બેંક ઓફ ઈન્ડિયામાં ખોલેલા બોગસ એકાઉન્ટમાં થયેલા ટ્રાન્જેકશનની વિગતો મંગાવી હતી. બેંક મેનેજરે તે ખાતાનો ટ્રાન્જેકશન રીપોર્ટ તપાસતાં તે ૩૨૦૦ પાનાનો હતો. ઉલ્લેખનીય છે કે બોગસ ભરતી માટે જયારે ઓનલાઈન એપ્લીકેશન મંગાવવામાં આવી હતી તે વખતે ઉમેદવારોના ફોર્મ ભરવા માટેના ધસારાને કારણે તે વેબ પેજ ઓપન થતાં જ બંધ થઈ ગયું હોવાથી તેણે બીજું વેબપેજ પણ તાત્કાલીક અસરથી ઓપન કરી દીધું હતું. પોલીસે સઘન પુછપરછ ચાલુ રાખીને તેના પુરાવાઓ ભેગા કરવાની સાથો સાથ ઝીણવટભરી તપાસ આરંભી છે.

તાલુકા પંચાયતની ચૂંટણી માટે એસ.ટી.એ ૨૫ બસ ફાળવી

ચૂંટણીલક્ષી સામગ્રી તેમજ સ્ટાફને માટે વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૬

તાલુકા પંચાયતની ચૂંટણી પ્રક્રિયાને લઈ તંત્ર દ્વારા તમામ તૈયારી કરી દેવાઈ છે. ૨૬૫ બુથ ખાતે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે ત્યારે ચૂંટણી લક્ષી સાધન સામગ્રી તેમજ સ્ટાફ માટે એસ.ટી. ડેપો દ્વારા ૨૫ બસો ફાળવવામાં આવી છે.

૧૭મી ફેબ્રુઆરીના રોજ રવિવારે તાલુકા પંચાયતની ચૂંટણીને અનુલક્ષી મતદાનની પ્રક્રીયા માટે તંત્ર કક્ષાએથી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. મતદાન માટે ૩૦૦ જેટલા ઈ.વી.એમ. તૈયાર કરવામાં આવ્યા છે. જયારે પોલીંગ સ્ટાફ માટે જરુરી કીટ સાહિત્ય પણ તૈયાર કરી દેવાયું છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૨૬૩ મથકો પર મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જયારે ચુંટણીની જરુરી સાધન-સામગ્રી અને સ્ટાફને સ્થળ સુધી પહોંચાડવા માટે એસ.ટી. તંત્ર દ્વારા ૨૫ જેટલી બસો ફાળવવામાં આવી છે.

એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકી બનાવવા સ્થળ નિરીક્ષણ કરાયું

ટૂંકમાં પોલીસ પહેરો ગોઠવાશે તંત્ર એ ગતિવિધિઓ હાથ ધરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા નિગમના અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. છેલ્લા ઘણા સમયથી ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાનો મામલો અધ્ધરતાલ છે. જેના પરિણામે મુસાફરોની સલામતી વ્યવસ્થા પણ રામભરોસે હોવાથી ગઠીયાઓને ખુલ્લો દૌર મળ્યો છે. જયારે હવે ડેપોમાં ચોકી શરુ કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવતા ટૂંકમાં પોલીસ પહેરો ગોઠવાશે.

શહેરમાં મુખ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોમાં વર્ષોના અંતે પોલિસ ચોકી કાર્યરત ન થતા ડેપો સંકુલમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. તક મળતા જ જાણભેદુ ગઠીયાઓ બસમાં ચઢતી ઉતરતી વેળાએ મુસાફરોના ખિસ્સા કાતરી લેતા હવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. જયારે પીક પોકેટીંગ ઉપરાંત મહિલાઓના ગળામાંથી ચેઈન સ્નેચીંગ થવાના કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. ડેપો સંકુલમાં પોલીસ પહેરાના અભાવે ગઠીયાઓને મોકળું મેદાન મળતા મુસાફરોની સલામતી જોખવાઈ હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. એક બાજુ એસ.ટી. ડેપોને રાજયનું મોડેલ ડેપો બનાવવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે ત્યારે ડેપો સંકુલમાં સલામતી વ્યવસ્થા ઉભી કરવા પોલીસ ચોકી શરુ કરવા ડેપો કક્ષાએથી જરુરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અગાઉ પણ આ મામલે નિર્ણય લેવાયા બાદ જગ્યા ન ફળવાતા ચોકી બનાવવાની વાત વિસરાઈ હતી. જયારે હવે એસ.ટી. નિગમના અધિકારીઓએ આ મામલે ડેપો સંકુલમાં સ્થળ નિરિક્ષણ કરી ચોકી માટે જગ્યા નિયત કરવા અભ્યાસ હાથ ધર્યો છે. ટૂંક સમયમાં ચોકી માટે જગ્યા ફાળવી દેવાતા ડેપોમાં પોલીસ પહેરો ગોઠવાશે.

ઉવારસદ ગામે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામે કસ્તુરી નગર કલ્યાણ કેન્દ્ર અને ઈફકોના સહયોગથી તાજેતરમાં નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના ૭૦ વ્યકિતઓને આંખોના ઓપરેશન માટે વધુ સારવાર અંગે તારીખ આપી બોલાવવામાં આવ્યા છે તથા તજજ્ઞ ડોકટર દ્વારા ગ્રામજનોની આંખોની તપાસ કરી વધુ સારવાર કરવામાં આવી હતી.

સદવિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ મુકામે કસ્તુરી નગર કલ્યાણ કેન્દ્ર અને ઈફકોના સહયોગથી ઈફકોના માનનીય ડૉ. ઉદયશંકર અવસ્થી, ઈફકો પ્રબંધક નિર્દેશકના રૂપમાં ૨૦ વર્ષના ગરિમામય અને ગૌરવશાળી કાર્યકાળ પૂર્ણ કરવાના ઉપલક્ષમાં નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નેત્ર નિદાન કેમ્પમાં ઉવારસદ અને આજુબાજુના ગામડામાંથી મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. જેમાં ૭૦ વ્યકિતઓને આંખના ઓપરેશન માટે વધુ સારવાર અંગે માર્ગદર્શન આપીને ઓપરેશન કરાવવાની તારીખ આપી હતી. નેત્ર નિદાન કેમ્પમાં અમદાવાદના પ્રખ્યાત આંખના સર્જન ડૉ. શશાંક રાઠોડ તેમજ તેમની ટીમ અદ્યતન સાધન સામગ્રી સાથે હાજર રહીને પોતાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે ઈફકોના સમશેરસિંહ તેમજ ઈફકોના પદાધિકારીઓ તથા સદવિચાર પરિવારના પ્રમુખ તેમજ ટ્રસ્ટીગણ અને ઈફકો કર્મચારી યુનિયનના સભ્યો તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મંગલ પ્રાર્થના તેમજ દિપ પ્રાગટય કરીને મંચસ્થ સ્થાનેથી કે.આર.સિંગે માનવસેવા એ જ શ્રેષ્ઠ ધર્મ છે આવા માનવતાવાદી કાર્યો સમાજના હિતાર્થે થાય તે ખુબ જરુરી છે જયારે સમશેરસિંહે ઈફકોની પ્રગતિનો ખ્યાલ આપી માનવતાવાદી સમાજસેવા પ્રવૃત્તિની વિગતો જણાવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરી દરેકનો આભાર માનવામાં આવ્યો હતો. ઈફકો દ્વારા સદવિચાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્રમાં અભ્યાસ કરતા બાળકોને ભોજન તથા વોટર કુલર આપવામાં આવ્યું હતું.

અંબોડમાં અશ્વ શૉ ની સાથે કાર રેલી આકર્ષણ જમાવશે

નદીના તટમાં તૈયાર કરાયેલા ટ્રેક પર વૈભવી કાર્સ દોડશે

ગાંધીનગર નજીક આવેલ અંબોડ ગામે નદીના પટમાં યોજાઈ રહેલા ગુજરાતના સૌથી મોટા અશ્વ શૉ અંતર્ગત ઓફ રોડ ક્લબ ઓફ ગુજરાત દ્વારા આગામી ૨ ઉમી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સવારે ૧૧ કલાકે એસ.યુ.વી. કાર રેલી યોજાશે. આ અશ્વ શૉ માં કાર રેલી પણ આકર્ષણ જમાવશે. ઓફ રોડ ક્લબ ઓફ ગુજરાત આયોજીત આ એસ.યુ.વી. કાર રેલી અલગ-અલગ ૮ અને ૫ કિ.મી.ના ટ્રેક પર થશે. જેમાં જીપ્સી, સ્કોર્પીયો, સફારી, રેન્જરોવર, ફોર્ચ્યુનર, એક્ષયુવી, ડસ્ટર, સી.આર.વી. જેવી ૩૦ થી વધારે એસ.યુ.વી.કાર નદીના પટમાં ટ્રેક પર દોડશે. આ પ્રકારની વૈભવી ગાડીઓ વિશે લોકો જાણે અને આવી કાર રેલીમાં વધુને વધુ લોકો જોડાય તેવો તેનો મુખ્ય ઉદ્દેશ છે. આ કાર રેલીમાં મોઘેરી હંમરકાર પણ આવવાની શક્યતા છે. જેને જોવા માટે લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. આ અશ્વ શૉ ની સાથે સાથે વૈભવી કાર પણ નદીના પટમાં દોડશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮
સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
મર્ડર-૩ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મર્ડર : ૧૦.૪૫
સ્પેશયલ-૨૬ : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
સ્પેશ્યલ -૨૬ : ૧૦.૦૦, ૩.૧૫, ૯.૧૫
જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૬.૧૫

સૂર્યા, વાવોલ

મર્ડર -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મર્ડર-૩ : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સ્પેશ્યલ -૨૬ : ૭.૧૫

: સ્ક્રીન-૩ :
સ્પેશ્યલ- ૨૬ : ૧૦.૩૦, ૧.૦૦, ૧૦.૦૦
એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૪.૦૦, ૭.૦૦

વિરાગ, કલોલ

મર્ડર-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- એરફોર્સ એસોસીએશન, ગુજરાત બ્રાન્ચ દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૧૧.૦૦ કલાકે
- વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

ટાઉન હોલ

- બાવન મોઢ સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે
- નાંણાવટી શાળા દ્વારા વાર્ષિકોત્સવ સાંજે ૪.૦૦ કલાકે.

સામાજિક

- ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૬માં સમૂહલગ્નોત્સવ બાક્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન, સિવિલ હોસ્પિટલની પાછળ, સેકટર-૧૨ ખાતે સવારે ૯.૦૦ કલાકે.
- સેકટર-૨૨માં આવેલી વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે ૩ થી ૧૨ વર્ષના બાળકો માટે શિશુનગરી કાર્યક્રમ.
- ગાંધીનગર ખાતે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને જલારામ બાપાના આર્શિવાદ પ્રાપ્ત થાય તે હેતુથી સેકટર-૨૯માં આવેલ જલારામ સેવા સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ સાંજે ૪.૦૦ કલાકે.

આપની આજ

મેષ : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે. નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને.

વૃષભ : કર્મક્ષેત્રમાં વિશેષ નિર્ણય અંગે વિવાદનો યોગ. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે.

મિથુન : આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સમય શુભ

કર્ક : રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

સિંહ : આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

કન્યા : પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

તુલા : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

વૃશ્ચિક : વ્યાપારી વર્ગને લાભ થવાની શકયતાઓ છે. ભાગ્યોદયની તક મળી રહે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

ધન : બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

મકર : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે.

કુંભ : નવી યોજના બનશે. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

મીન : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. સમય શુભ.

ચિરવિદાય

- સ્વ. જીણાભાઈ મોહનભાઈ સોલંકી (ઉ.વ. ૧૦૭) પ્લોટ નં. ૧૮-ઈ, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. દમયંતિબેન અશ્વિનભાઈ ફાજલિયા (ઉ.વ. ૬૪) પ્લોટ નં. ૪-એફએફ-૧, હરીનગર, મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. કેસરબેન બબાજી ઠાકોર (ઉ.વ. ૪૦) અંબિકા ફાર્મ હાઉસ, મુ.પો. અંબાપુર, તા.,જિ. ગાંધીનગર.